EDIમાં સ્ટાર્ટ અપ અંગે પેનલ ડિસ્કશનમાં નિષ્ણાતોનો મત

# સ્ટાર્ટ અપને પ્રોત્સાહન આપવામાં ઈન્ક્યુબેટર્સ અગત્યનો ભાગ ભજવશે

» સ્ટાર્ટ અપ ઇન્ડિયા ગેમ ચેન્જર પુરવાર થશે

**નવગુજરાત સમય** > અમદાવાદ

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ લોન્ચ કરેલી સ્ટાર્ટ અપ ઈન્ડિયા ચળવળની દેશના વિકાસ પર પડનારી અસર અંગે ચર્ચા કરવા માટે EDI (આંત્રપ્રોન્યોરશીપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યુટ ઓફ ઈન્ડિયા), ડિપાર્ટમેન્ટ ઓફ ઈન્ડસ્ટ્રીયલ પોલિસી એન્ડ પ્રમોશન તથા કોન્ફેડરેશન ઓફ ઈન્ડિયન ઈન્ડસ્ટ્રી (CII) દ્વારા પેનલ ડિસ્કશનનું આયોજન કરાયું હતું, જેમાં સ્ટાર્ટ અપની સમજણથી માંડીને કરવેરા, FDIને મંજૂરી, ઈન્ક્યુબેશન સેન્ટરની અગત્યતા, સિંગલ વિન્ડો ક્લીયરન્સ, પોલિસીથી ગામડાઓને લાભ સહિતના અગત્યના મુદ્દાઓ અંગે ચર્ચા થઈ હતી.

આ ડિસ્કશનમાં ગુજરાતના સેન્ટર ફોર આંત્રપ્રોન્યોરશીપ ડેવલપમેન્ટના ડાયરેક્ટર ડો. ચંદન ચેટરજી, સિન્ટેક્સ ઈન્ડસ્ટ્રીના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર એસ.બી. ડાંગ્યેચ, કેન્ડર લીગલના સ્થાપક મનસ્વી થાપર અને EDIના ડિરેક્ટર ડો. સુનીલ શુક્લએ ભાગ લીધો હતો.

ધંધા કરતા નોકરી કરવાની માનસિકતા વધુ પ્રચલિત છે તેવા ભારતમાં સ્ટાર્ટ અપ્સને પ્રોત્સાહન આપવા ઈન્ક્યુબેટર્સ અગત્યનો ભાગ ભજવી શકે છે તેવો મત એસ.બી. ડાંગ્યેચે વ્યક્ત કર્યો હતો. તેમણે કહ્યું કે, “ઈન્ક્યુબેટર્સ એ સ્ટાર્ટ અપના આઈડિયાને યોગ્ય દિશા અને ટેક્નિકલ સોલ્યુશન આપવાનું કામ કરશે. અહીં નમૂના બનાવવા તથા માર્કેટ અને નેટવર્ક ઊભા કરવાની પ્રક્રિયા પણ સરળતાથી પૂરી કરી શકાશે. ઈન્ક્યુબેટર્સની મદદથી સ્ટાર્ટ અપ કરનારા યુવાનોને શૈક્ષણિક સંસ્થા, ક્ષેત્રના નિષ્ણાતો, સફળ ઉદ્યોગ સાહસિકો અને પ્રોફેશનલ્સનો ટેકો પણ મળી રહે છે જે બિઝનેસ શરૂ કરવાની પ્રક્રિયાને ઘણી આસાન બનાવી દે છે.”

સ્ટાર્ટ અપ ઈન્ડિયા ગેમ ચેન્જર પુરવાર થશે તેવો મત આપતા ડો. સુનીલ શુક્લએ જણાવ્યું હતું કે, “તેનાથી નવીન વિચારોને પ્રોત્સાહન મળશે. સ્ટાર્ટ અપ્સને પ્રોત્સાહન મળે તેવું વાતાવરણ ઊભું કરવા સંસ્થાઓ, કોર્પોરેટ્સ તથા સરકારે હાથ મિલાવવા જોઈએ.” ડો. ચંદન ચેટર્જીએ ઉદ્યોગ સાહસિકોને પ્રોત્સાહન માટે ગુજરાત સરકારે લીધેલા પગલાં અંગે માહિતી આપી હતી. તેમણે ઉદ્યોગ સાહસિકોને બિઝનેસ શરૂ કરતા પૂર્વે પૂરતી તપાસ કરીને તબક્કાવાર ટાર્ગેટ નક્કી કરીને આગળ વધવાની સલાહ આપી હતી. જ્યારે મનસ્વી થાપરે સરકારે સિંગલ વિન્ડો સિસ્ટમ અમલી બનાવી લાયસન્સ અને ટેક્સની ગૂંચવણ ઓછી કરવા પ્રયત્ન કરવા જોઈએ તેવું સૂચન કર્યું હતું.